**મ્હે. એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું.:નલીયા–કચ્છ.**
**–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦**

**ફોજદારી કેસ નંબર ૩૬૦/૨૦૨૬**
**આંક–**

**શ્રી સરકાર** **::::::::::::::::::::ફરિયાદી.**

વિરૂદ્ધ

(૧) રીયાઝ મોહમદહુશેન હીંગોરા
(૨) અલ્તાફ મોહમદહુશેન હીંગોરા
(૩) જાવેદ મોહમદહુશેન હીંગોરા
(૪) મોહમદહુશેન હાજીપીરમોહમદ હીંગોરા
રહે. તમામ દક્ષીણવાસ,ખીરસરા(વીંઝાણ),તા.અબડાસા

**:::::::::::::::::::::::::: આરોપી.**

**ગુન્હો:– બી.એન.એસ. કલમ ૩૧૦(૨),૧૧૫(૨),૩૨૪(૫),૨૯૬(બી), ૩૫૧(૩),૧૯૦,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩),૬૧ મુજબ**

---

**::– સેશન્સ કમીટનો હુકમ ::–**

(૧) સદરહુ કામનું ચાર્જશીટ કોઠારા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૫૦૨૩૨૬૦૦૦૮/૨૬ થી કોઠારા પોલીસ સ્ટેશન તરફથી રજુ થયેલ હતું તેને અત્રેની કોર્ટ તરફથી ફોજદારી કેસ નં.૩૬૦/૨૬ આપવામાં આવેલ હતા. આરોપીઓ સામે આક્ષેપાયેલ તહોમત લક્ષમાં લેતાં બી.એન.એસ.ની કલમ ૩૧૦(૨),૧૧૫(૨),૩૨૪(૫),૨૯૬(બી), ૩૫૧(૩),૧૯૦,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩),૬૧ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ જામીનમુકત છે. આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને સદરહુ કામનાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આરોપીઓનો જવાબ રેકર્ડ કરતાં,તેણે નકલો મળ્યાનું તેમજ પોતાના ખર્ચે વકીલ રોકવા માં ગતા હોવાનું જાહેર કરેલ છે.

(૩) આ કેસમાં આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટેની સત્તા કેવળ નામદારશ્રી સેશન્સ કોર્ટને રહેલ હોઇ, આ કેસ ચલાવવા અત્રેની અદાલતને હકુમત પહોંચતી ન હોઇ, સદરહુ કેસ નામ.શ્રી સેશન્સ કોર્ટ,ભુજ–કચ્છ મધ્યે કમીટ કરવો જોઇએ તેમ જણાઇ આવતાં, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૪)		વિશેષમાં આ કામનો ક્રોસ કેસ આ અદાલત ધ્વારા સેશન્સ કમીટનો હુકમ કરતાં સદર કેસ સેશન્સ કેસ નં. ૪૩/૨૦૨૬ થી રજીસ્ટર થયેલ છે, જે હાલે નામ. ત્રીજા અધીક સેશન્સ જજ,ભુજ–કચ્છ નાઓની અદાલતમાં ચાલે છે. જેની આગામી મુદત તા.૧૭/૦૭/૨૦૨૬ છે.

**::–હુકમ ::–**

(૧)		આ કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ અન્વયે નામદારશ્રી સેશન્સ કોર્ટ,ભુજ–કચ્છ ને કમીટ કરવામાં આવે છે.

(૨)		આ કેસનું તમામ રેકર્ડ તથા મુદામાલ નામદાર શ્રી સેશન્સ કોર્ટ,ભુજ–કચ્છ મભ્યે મોકલી આપવું.

(૩)		સદરહુ કેસ કમીટ કર્યા અંગેની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, ભુજ–કચ્છને કરવી.

(૪)		આ કામના આરોપીઓ જામીન મુકત હોઇ, તેઓને મુદત તા.૧૭/૦૭/૨૦૨૬ ના રોજ નામ.શ્રી સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ,ભુજ–કચ્છ મુકામે સવારે ૧૦–૩૦ વાગ્યે હાજર રખાવવા બાબતની જાણ કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, મારી સહીથી જાહેર કર્યો.

તા. ૦૩/૦૭/૨૦૨૬
નલીયા–કચ્છ

**(એમ.જી.વાદી)**
અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
નલીયા–કચ્છ
કોડ:જીજે૦૧૨૩૯